


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 312
Dt.: 17-09-2025,
Wednesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA  Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### પીએમ મોદીના જન્મદિવસ પર બિહારને ભેટ

## બિહારમાં નવી વંદે ભારત અને અમૃત ભારત એક્સપ્રેસ સહિત ૪ નવી ટ્રેન ૧૭ સપ્ટેમ્બરથી શરૂ થશે

### આ ટ્રેન અઠવાડિયામાં છ દિવસ ચાલશેઃ દાનાપુરથી ચાલનારી ટ્રેન મંગળવારે છોડીને બાકીના તમામ દિવસો ચાલશે, જ્યારે ફોર્બિસગંજથી ચાલનારી ટ્રેન બુધવારે છોડીને અઠવાડિયામાં છ દિવસ ચાલશે

(સંપૂર્ણ સમાચાર સેવા)બિહાર

ચૂંટણી વર્ષમાં કેન્દ્ર સરકાર બિહાર પર મહેરબાન છે. રેલ કનેક્ટિવિટી અને યાત્રીઓની સુવિધામાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે. આ ક્રમમાં, બિહારથી ૧૭ સપ્ટેમ્બરથી ચાર નવી ટ્રેનો શરૂ થઈ રહી છે. તેમાં જોગબની-દાનાપુર વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ, સહરસા-ચેહરતા (અમૃતસર) વચ્ચેની અમૃત ભારત એક્સપ્રેસ, જોગબની-ઈરોડ અમૃત ભારત એક્સપ્રેસ અને કટિહાર-સિલીગુડી એક્સપ્રેસનો સમાવેશ થાય છે.૧૭એ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ પણ છે.

દાનાપુર અને જોગબની વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનનું સંચાલન ૧૭ સપ્ટેમ્બરથી શરૂ થશે. આ ટ્રેન અઠવાડિયામાં છ દિવસ ચાલશે. દાનાપુરથી ચાલનારી ટ્રેન મંગળવારે છોડીને બાકીના તમામ દિવસો ચાલશે, જ્યારે ફોર્બિસગંજથી ચાલનારી ટ્રેન બુધવારે છોડીને અઠવાડિયામાં છ દિવસ ચાલશે.

ટ્રેન નંબર ૨૬૩૦૨ – દાનાપુર-જોગબની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ૧૭ સપ્ટેમ્બરથી દાનાપુરથી સાંજે ૫:૧૦ વાગે ઉપડીને આ સ્ટેશન પર હાજીપુર – ૬:૦૫ વાગે, મુઝફ્ફરપુર – ૬:૫૦ વાગે, સમસ્તીપુર – ૭:૪૩ વાગે, હસનપુર રોડ – ૮:૨૩ વાગે, સલૌના – ૮:૩૮ વાગે, ખગડિયા – ૯:૦૦ વાગે, સહરસા – ૯:૫૫ વાગે, દૌરમ મધેપુરા – ૧૦:૨૩ વાગે, બનમનખી – ૧૧:૦૦ વાગે, પૂર્ણિયા – ૧૧:૪૦ વાગે, અરરિયા કોર્ટ – રાત્રે ૧૨:૧૮ વાગે, ફોર્બિસગંજ – ૧૨:૪૮ વાગે, જોગબની – રાત્રે ૧:૨૦ વાગે પહોંચશે.

આ ૮ કોચની વંદે ભારત ટ્રેન કુલ ૪૫૩ કિમીનું અંતર લગભગ ૮ કલાક ૧૦ મિનિટમાં પૂરુ કરશે. ટ્રેન નંબર ૨૬૩૦૧ – જોગબની-દાનાપુર વંદે ભારત એક્સપ્રેસ આ ટ્રેન ૧૮ સપ્ટેમ્બરથી જોગબનીથી બપોરે ૩:૨૫ વાગ્યે નીકળશે અને સ્ટેશનો પર આ મુજબ રોકાશે જેમાં ફોર્બિસગંજ – ૩:૩૫ વાગે, અરરિયા કોર્ટ – ૪:૦૦ વાગે, પૂર્ણિયા – ૪:૫૦ વાગે, બનમનખી – ૫:૨૬ વાગે, દૌરમ મધેપુરા – ૫:૫૩ વાગે, સહરસા – ૬:૨૦ વાગે, ખગડિયા – ૭:૧૩ વાગે, સલૌના – ૭:૩૩ વાગે, હસનપુર રોડ – ૭:૪૮ વાગે, સમસ્તીપુર – ૮:૨૩ વાગે, મુઝફ્ફરપુર – ૯:૦૦ વાગે, હાજીપુર – ૯:૪૫ વાગે, દાનાપુર – રાત્રે ૧૧:૩૦ વાગે પહોંચશે

અન્ય ટ્રેનો

જોગબની-ઈરોડ અમૃત ભારત એક્સપ્રેસ

સહરસા-છેહરટા અમૃત ભારત એક્સપ્રેસ

કટિહાર-સિલિગુડી એક્સપ્રેસ

હાલમાં બિહારમાંથી ૧૩ વંદે ભારત ટ્રેનો ચાલે છે. જોગબની-દાનાપુર ટ્રેન શરૂ થયા બાદ આ સંખ્યા ૧૪ થઈ જશે. ૮ અમૃત ભારત ટ્રેનો હાલ કાર્યરત છે.

જોગબની-ઈરોડ અને સહરસા-છેહરટા શરૂ થયા બાદ આ સંખ્યા ૧૦ થઈ જશે.

આ ઉપરાંત, જયનગર-પટના વચ્ચે ૧ નમો ભારત ટ્રેન પણ ચાલી રહી છે.

### આધાર કાર્ડ ઉપરાંત અન્ય દસ્તાવેજો પણ નકલી બનાવી શકાય છે

## સુપ્રીમ કોર્ટે SIR પર ચુકાદો આપતા આધાર કાર્ડને માન્ય દસ્તાવેજોની યાદીમાં સામેલ કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

બિહારમાં ચૂંટણીઓ નજીક આવતા, સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પરની ચર્ચા તેજ બની છે. સુપ્રીમ કોર્ટે SIR પર ચુકાદો આપતા આધાર કાર્ડને માન્ય દસ્તાવેજોની યાદીમાં સામેલ કર્યું હતું. આ નિર્ણય સામે કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી, જેમાં દાવો કરાયો હતો કે નકલી આધાર કાર્ડનો ઉપયોગ નાગરિકતા સાબિત કરવા માટે થઈ શકે છે. જોકે, સુપ્રીમ કોર્ટે આ અરજીને ફગાવી દીધી અને સ્પષ્ટતા કરી કે અન્ય દસ્તાવેજો પણ નકલી બનાવી શકાય છે, માત્ર આધાર કાર્ડ જ નહી.

અરજીમાં દાવો કરવામાં આવ્યો હતો કે લોકો નકલી આધાર કાર્ડ બનાવીને નાગરિકતા સાબિત કરી શકે છે. આના પર સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે આધાર કાર્ડ ઉપરાંત અન્ય દસ્તાવેજો પણ નકલી બનાવી શકાય છે. સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમલય બાગચીની બેન્ચે અરજી પર સુનાવણી કરી. કોર્ટના જણાવ્યા અનુસાર, 'રેશન કાર્ડ અને ડ્રાઈવિંગ લાઈસન્સ જેવા દસ્તાવેજો પણ નકલી હોઈ શકે છે. આવી સ્થિતિમાં, ફક્ત આધાર કાર્ડને જ અલગ દ્રષ્ટિકોણથી ન જોવું જોઈએ.'

સુપ્રીમ કોર્ટના જણાવ્યા અનુસાર, 'ડ્રાઈવિંગ લાઈસન્સ નકલી હોઈ શકે છે, રેશન કાર્ડ પણ નકલી હોઈ શકે છે. અન્ય દસ્તાવેજો પણ નકલી બનાવી શકાય છે. આધારનો ઉપયોગ કાયદા દ્વારા નિર્ધારિત મર્યાદા સુધી જ થવો જોઈએ.'

બિહાર ચૂંટણી પહેલા SIR પ્રક્રિયા હેઠળ, ચૂંટણી પંચે નાગરિકતા સાબિત કરવા માટે ૧૧ દસ્તાવેજોની યાદી બહાર પાડી હતી, જેમાં આધાર કાર્ડનો સમાવેશ થતો નહોતો. આના પર નિર્ણય આપતા, સુપ્રીમ કોર્ટે આધાર કાર્ડને ૧૨મા દસ્તાવેજ તરીકે માન્યતા આપવાનો આદેશ આપ્યો હતો. સુપ્રીમ કોર્ટના આ નિર્ણય વિરુદ્ધ અરજી દાખલ કરીને કહેવામાં આવ્યું હતું કે નકલી આધાર કાર્ડ બનાવીને લોકો આ જોગવાઈનો દુરુપયોગ કરી શકે છે. આધારને નાગરિકતાના પુરાવા તરીકે ગણી શકાય નહીં. કોર્ટે ૮ સપ્ટેમ્બરે કહ્યું હતું કે ચૂંટણી પંચે નોટિસ જારી કરીને આધારને માન્ય ઓળખ કાર્ડ તરીકે સ્વીકારવા કહ્યું હતું.

## વિશ્વના ૬૦ મુસ્લિમ દેશોની ઈમરજન્સી બેઠક યોજાઈ

### ઈઝરાયેલના હમાસ પર હુમલા અંગે વાતચીત કરવામાં આવી હતી જેમાં UAEથી લઈને પાકિસ્તાનના PM સહિતના લોકોએ હાજરી આપી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ કતારની રાજધાની દોહામાં ૬૦ મુસ્લિમ દેશોની ઈમરજન્સી બેઠક યોજાઈ હતી. જેમાં, ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોર્પોરેશન (OIC) ના સભ્ય દેશો અને આરબ દેશોએ બેઠકમાં હાજરી આપી હતી. OIC ની આ ઈમરજન્સી બેઠક કતારમાં ઈઝરાયેલી હુમલા અંગે યોજાઈ હતી, જેમાં તમામ દેશોને ઈઝરાયેલ સામે કાનૂની અને અસરકારક પગલાં લેવા અપીલ કરવામાં આવી હતી.

પાકિસ્તાની અખબાર ધ ડોનના અહેવાલ મુજબ, ગયા અઠવાડિયે ઈઝરાયેલે કતારમાં હમાસ નેતાઓને નિશાન બનાવ્યા હતા અને હુમલો કર્યો હતો. બેઠકમાં કહેવામાં આવ્યું હતું કે, આ અધિકારીઓ ગાઝા યુદ્ધવિરામ પ્રસ્તાવ પર ચર્ચા કરી રહ્યા હતા, પરંતુ ઈઝરાયેલે આ હુમલો કરીને તમામ પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા છે, તેથી તેની સામે કડક કાર્યવાહી કરવી જોઈએ. હમાસનું કહેવું છે કે, ઈઝરાયેલી હુમલામાં ૬ લોકો માર્યા ગયા છે. જોકે, હમાસના ટોચના અધિકારીઓ બચી ગયા છે. OIC દેશોએ સંયુક્ત નિવેદનમાં અપીલ કરી છે કે, દરેક વ્યક્તિએ ઈઝરાયેલ વિરુદ્ધ કાયદેસર અને કડક પગલાં લેવાની જરૂર છે, અને બધા દેશોએ તેની સાથેના તેમના રાજદ્વારી અને આર્થિક સંબંધો પર પણ ધ્યાન આપવું જોઈએ, કારણ કે તે લગભગ બે વર્ષથી પેલેસ્ટિનિયનો પર હુમલો કરી રહ્યું છે. આ દેશોએ સંયુક્ત રાષ્ટ્રમાં ઈઝરાયેલનું સભ્યપદ સમાપ્ત કરવા માટે પ્રયાસો કરવાની પણ અપીલ કરી છે. બેઠકનો હેતુ ઈઝરાયેલ પર દબાણ લાવવાનો હતો, જેથી ગાઝામાં તેના ચાલી રહેલા હુમલાઓને રોકી શકાય. બેઠકમાં ૬૦ દેશોના વડાપ્રધાનો અને રાષ્ટ્રપતિઓએ હાજરી આપી હતી, પરંતુ સંયુક્ત આરબ અમીરાત, બહેરીન અને મોરોક્કોએ બેઠક માટે પોતાના પ્રતિનિધિઓ મોકલ્યા હતા. આ ત્રણ દેશોએ પાંચ વર્ષ પહેલાં ઈઝરાયેલને અબ્રાહમ કરાર હેઠળ માન્યતા આપી હતી. આ ઉપરાંત, કતાર, ઈજિપ્ત અને જોર્ડન પણ તેને માન્યતા આપનારા દેશોમાં સામેલ છે. ઈઝરાયેલનું UN સભ્યપદ સમાપ્ત કરવાની અપીલકતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ થાનીએ કહ્યું કે, યુદ્ધવિરામની વાત કરી રહેલા હમાસ વાતચીત કરનારાઓ પર હુમલો કરીને ઈઝરાયેલે સાબિત કર્યું છે કે, તેનો યુદ્ધવિરામનો ઈરાદો નથી. આરબ દેશોને ચેતવણી આપતા અમીરે એમ પણ કહ્યું કે, ઈઝરાયેલે કતારમાં હમાસના અધિકારીઓ પર હુમલો કરીને ગાઝા પરની વાતચીતને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ કર્યો છે અને ઈઝરાયેલી પીએમ બેન્જામિન નેતન્યાહૂ અરબને ઈઝરાયેલી પ્રદેશમાં ફેરવવાનું સ્વપ્ન જોઈ રહ્યા છે, જે એક ખતરનાક બાબત છે. કતારના અમીર શેખ તમીમ બિન હમાદ અલ થાનીએ કહ્યું કે, યુદ્ધવિરામની વાત કરી રહેલા હમાસ વાતચીત કરનારાઓ પર હુમલો કરીને ઈઝરાયેલે સાબિત કર્યું છે કે, તેનો યુદ્ધવિરામનો ઈરાદો નથી. આરબ દેશોને ચેતવણી આપતા અમીરે એમ પણ કહ્યું કે, ઈઝરાયેલે કતારમાં હમાસના અધિકારીઓ પર હુમલો કરીને ગાઝા પરની વાતચીતને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ કર્યો છે અને ઈઝરાયેલી પીએમ બેન્જામિન નેતન્યાહૂ અરબને ઈઝરાયેલી પ્રદેશમાં ફેરવવાનું સ્વપ્ન જોઈ રહ્યા છે, જે એક ખતરનાક બાબત છે. બાદમાં, શેખ તમીમ બિન હમાદ અલ થાનીએ પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને કહ્યું કે, 'આજે દોહામાં યોજાયેલ ઈમરજન્સી આરબ-ઈસ્લામિક સમિટ આપણા ક્ષેત્રમાં ઈઝરાયેલી આતંકવાદ સામે એક મજબૂત સંદેશ છે અને તેના પરિણામો આપણા સામૂહિક પ્રયાસોને વધુ તીવ્ર બનાવવા, આપણા દેશોની સ્થિતિનું સંકલન કરવા અને આપણા વલણ અને અવાજને એક કરવામાં અસરકારક રીતે ફાળો આપશે.' બાદમાં, શેખ તમીમ બિન હમાદ અલ થાનીએ પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને કહ્યું કે, 'આજે દોહામાં યોજાયેલ ઈમરજન્સી આરબ-ઈસ્લામિક સમિટ આપણા ક્ષેત્રમાં ઈઝરાયેલી આતંકવાદ સામે એક મજબૂત સંદેશ છે અને તેના પરિણામો આપણા સામૂહિક પ્રયાસોને વધુ તીવ્ર બનાવવા, આપણા દેશોની સ્થિતિનું સંકલન કરવા અને આપણા વલણ અને અવાજને એક કરવામાં અસરકારક રીતે ફાળો આપશે.' બેઠકમાં કોણે હાજરી આપી?આરબ-ઈસ્લામિક સમિટમાં સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ, ઈરાનના પ્રમુખ મોસાદ પેઝેશ્કિયાન, ઈરાકી વડા પ્રધાન મોહમ્મદ સિયાહ અલ-સુદાની, તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન અને પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિ મોહમ્મદ અબ્બાસ પણ હાજર રહ્યા હતા.

આરબ-ઈસ્લામિક સમિટમાં સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન, પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફ, ઈરાનના પ્રમુખ મોસાદ પેઝેશ્કિયાન, ઈરાકી વડા પ્રધાન મોહમ્મદ સિયાહ અલ-સુદાની, તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન અને પેલેસ્ટાઈનના રાષ્ટ્રપતિ મોહમ્મદ અબ્બાસ પણ હાજર રહ્યા હતા.

### ટ્રમ્પના આદેશ બાદ જહાજ પર મોટો હુમલો

## ડ્રગ્સ મુદ્દે અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે તણાવ વધ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ પર અમેરિકાની સેનાએ વેનેઝુએલા પાસે દરિયામાં ડ્રગ કાર્ટેલ સાથે જોડાયેલી શીપ પર મોટો હુમલો કર્યો છે. અમેરિકાનો દાવો છે કે આ શીપમાં ડ્રગ્સ ભરીને અમેરિકા લાવવામાં આવી રહ્યું હતું. હુમલા બાદ ટ્રમ્પે જાણકારી આપતા કહ્યું કે આ કાર્યવાહીમાં ત્રણ લોકો માર્યા ગયા છે. અમેરિકા તરફથી વેનેઝુએલા પર છેલ્લા એક મહિનામાં આ બીજો મોટો હુમલો છે. ડોનાલ્ડ ટ્રમ્પે ટ્રુથ સોશિયલ નામના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ૨૮ સેકન્ડનો વીડિયો શેર કર્યો છે. જેમાં એક જહાજ પર વિસ્ફોટ અને આગ લાગી હોય તેવા દ્રશ્યો દેખાઈ રહ્યા છે. જોકે આ વીડિયો સાબિત નથી થતું કે જહાજ પર ડ્રગ્સ જ લઈ જવામાં આવતું હતું. ટ્રમ્પે કહ્યું છે કે ડ્રગ્સ નેટવર્ક અને નાર્કો ટેરરિસ્ટ પર કાર્યવાહીના રૂપે આ હુમલો કરવામાં આવ્યો છે. જોકે સમગ્ર મામલે હજુ સુધી વેનેઝુએલા દ્વારા કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી. નોંધનીય છે કે અગાઉ ત્રીજી સપ્ટેમ્બરે અમેરિકાએ વેનેઝુએલાથી ડ્રગ્સ લઈ જતાં જહાજ પર હુમલો કર્યો હતો જેમાં ૧૧ના મોત થયા હતા. અમેરિકા અને વેનેઝુએલા વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે.

### સૌથી ખતરનાક અખબાર કહ્યુ

## ન્યૂયોર્ક ટાઈમ્સ સામે ટ્રમ્પનો ૧૫ અબજ ડૉલરનો કેસ

### ટ્રમ્પના સંબંધો મુદ્દે રિપોર્ટ પ્રકાશિત કરતાં માનહાનિનો દાવો કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છેઃ ટ્રમ્પે પોતે આ અંગે જાણકારી આપી હતી



(સંપૂર્ણ સમાચાર સેવા)ન્યૂયોર્ક

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ન્યૂયોર્ક ટાઈમ્સ અખબાર અને તેના ચાર પત્રકારો વિરુદ્ધ માનહાનિનો દાવો કર્યો છે. અખબારે ધનિક ફાયનાન્સર જેફરી એપસ્ટીન સાથે ટ્રમ્પના સંબંધો મુદ્દે રિપોર્ટ પ્રકાશિત કરતાં માનહાનિનો દાવો કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. ટ્રમ્પે પોતે આ અંગે જાણકારી આપી હતી.

ટ્રમ્પે ગઈકાલે સોમવારે કોર્ટ સમક્ષ પુરાવા રજૂ કરતાં ન્યૂયોર્ક ટાઈમ્સ અને તેના ચાર પત્રકારો વિરુદ્ધ ૧૫ અબજ ડૉલરનો માનહાનિનો દાવો કરતાં કેસ દાખલ કર્યો છે. તેમણે ફરિયાદમાં કહ્યું હતું કે, આ અખબાર સૌથી ખતરનાક છે. અખબારે બેદરકારીપૂર્વક ખોટી રીતે નિવેદનો પ્રકાશિત કર્યા છે. તેમણે સત્ય જાણ્યા વિના જ નિવેદનોને ખોટી રીતે રજૂ કર્યા છે. ઉલ્લેખનીય છે, ન્યૂયોર્ક ટાઈમ્સે આ મામલે હજી સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર પોસ્ટ કરી ન્યૂયોર્ક ટાઈમ્સ પર જૂઠું બોલવા અને તેમને બદનામ કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે ન્યૂયોર્ક ટાઈમ્સ પર રેડિકલ લેફ્ટ ડેમોક્રેટ પાર્ટીનું એક આભાસી મુખપત્ર બન્યું હોવાનો આક્ષેપ પણ કર્યો હતો. ટ્રમ્પે અન્ય મીડિયા સંસ્થાઓ પર પણ પ્રહાર કર્યા હતાં. જેમાં જુલાઈમાં ધ વોલ સ્ટ્રીટ જર્નલ અને મીડિયા કારોબારી રુપર્ટ મર્ડોક વિરુદ્ધ ૧૦ અબજ ડૉલરનો માનહાનિનો દાવો નોંધ્યો હતો. ટ્રમ્પે આગળ કહ્યું કે, વિવિધ મીડિયા સંસ્થા અવારનવાર મને ટાર્ગેટ બનાવી રહ્યા છે. ધ ટાઈમ્સ તમારા લોકપ્રિય પ્રમુખ (મારા), મારા પરિવાર, બિઝનેસ, અમેરિકા ફર્સ્ટ મુવમેન્ટ, એમએજીએ અને આખા દેશ વિશે જૂઠાણું ફેલાવવા દાયકાઓ જૂની રીત અપનાવી રહ્યું છે. હું અખબારને જવાબદાર ઠેરવી રહ્યો છું. જે રીતે આ મીડિયાએ અન્ય મીડિયા સંસ્થાઓ વિરુદ્ધ કેસ દાખલ કરવામાં આવ્યા હતા. તેનું સમાધાન રેકોર્ડ રકમમાં થયુ હતું. આ જાહેરાત ટ્રમ્પે અખબાર પર યૌન રુપે અશ્લીલ નોટ અને એપસ્ટીનથી કથિત રુપે જોડાયેલા એક ચિત્રના રિપોર્ટિંગ બદલ કેસ કરવાની ધમકી આપ્યાના એક અઠવાડિયા બાદ થઈ છે.

ટ્રમ્પે હાલમાં જ હાઉસ ડેમોક્રેટ્સ દ્વારા જાહેર એપસ્ટીનમાં લખેલા કથિત બર્થડે મેસેજ કરવાનો ઈક્કાર કર્યો છે. પત્રકારો સાથે વાતચીતમાં ટ્રમ્પે કહ્યું હતું કે, આ મારી સિગ્નેચર નથી, આ મારી બોલચાલની ભાષા નથી. જે લોકો મને લાંબા સમયથી કવર કરી રહ્યા છે, તે જાણે છે કે, આ મારી ભાષા નથી.

### ઝારખંડમાં રૂ.૧ કરોડના ઈનામી સહિત ૩ નક્સલવાદી ઠાર કરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)રાંચી

ઝારખંડના હજારીબાગના ગિરહોર ક્ષેત્રના પનતીતરી જંગલોમાં સોમવારે સવારે સુરક્ષા દળોએ ત્રણ નક્સલવાદીઓને ઠાર કર્યા છે, જેમાં એક નક્સલી પર રૂપિયા એક કરોડનું ઈનામ હતું, અને એનું નામ સહદેવ સોરેન છે. આ દરમિયાન નક્સલવાદી સહદેવ સોરેનના અન્ય બે સાથીઓ પણ માર્યા ગયા છે. આ ઘટનાના સંદર્ભમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, આ ઓપરેશન પછી ઉત્તર ઝારખંડના બોકારો ક્ષેત્રમાંથી નક્સલવાદ સંપૂર્ણપણે ખતમ થઈ ગયો છે. જલદીમાં જલદી આખો દેશ નક્સલવાદની સમસ્યામાંથી મુક્ત થશે. સોમવારે કોબરા અને ગિરિડીહ તથા હજારીબાગ પોલીસની સંયુક્ત ટીમો અભિયાનના ભાગરુપે જંગલોમાં નીકળી હતી. સુરક્ષા દળોની ટુકડીઓને ગુપ્ત માહિતી મળી કે સહદેવ સોરેન કોઈ મોટી ઘટનાને અંજામ આપવાની તૈયારીમાં છે. આ માહિતીના આધારે પહોંચેલી ટીમો અને નક્સલવાદીઓની વચ્ચે જૂથ અથડામણ શરુ થઈ હતી. સર્ચ ઓપરેશન દરમિયાન ત્રણ મૃતદેહ મળી આવ્યા. સહદેવ સોરેન ઉપરાંત રઘુનાથ હેમ્બ્રમ ઉર્ફે નિર્ભય તરીકે થઈ છે. તેના પર રાજ્ય સરકારે રૂપિયા ૨૫ લાખનું ઈનામ જાહેર કર્યું હતું.




# તંત્રી લેખ......

## હિમાચલમાં મેઘરાજાનું તાંડવ

હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદે ફરી એકવાર કહેર વર્તાવ્યો છે. ૧૫ સપ્ટેમ્બરના રોજ મંડીના ધરમપુરમાં વાદળ ફાટવાને કારણે બસ સ્ટેન્ડ પાણીમાં ડૂબી ગયું અને શિમલામાં ભૂસ્ખલનથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ વરસાદ હવે માત્ર હવામાનનો ફેરફાર નહીં, પરંતુ લોકો માટે એક મોટી મુસીબત બની ગયો છે, જેના કારણે ચારેબાજુ પાણી, કાટમાળ અને વિનાશ જોવા મળી રહ્યો છે.ગઈ રાત્રે ધરમપુરમાં ભારે વરસાદથી આખું બસ સ્ટેન્ડ પાણીમાં ડૂબી ગયું, જેમાં બસો અને અન્ય વાહનો તણાઈ ગયા. સોન ખડનું જળસ્તર વધતા લોકોના ઘરો અને દુકાનોમાં પણ પાણી ઘૂસી ગયું. આ ઘટનામાં એક વ્યક્તિ ગુમ છે. પરિસ્થિતિ એટલી ગંભીર હતી કે લોકોએ રાત્રે ઘરની છત પર ચઢીને પોતાનો જીવ બચાવ્યો અને પોલીસે તત્કાળ બચાવ કામગીરી શરૂ કરી હતી.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સોમવારે હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદ અને વાવાઝોડું આવ્યું, જેના કારણે ૩ રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૪૯૩ રસ્તાઓ બંધ રહ્યા. છેલ્લા ૨૪ કલાકમાં જોગીન્દરનગરમાં ૫૬ મિમી, પાલમપુરમાં ૪૮ મિમી, પંડોહમાં ૪૦ મિમી અને કાંગડામાં ૩૪.૨ મિમી સહિત અનેક વિસ્તારોમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો. આ દરમિયાન, નગરોટા સુરિયાંમાં ૩૦ મિમી, મંડીમાં ૨૭.૫ મિમી, સરાહન માં ૧૮.૫ મિમી, મુરારી દેવીમાં ૧૮.૨ મિમી, ભરેરીમાં ૧૭.૬ મિમી અને કરસોગમાં ૧૭ મિમી વરસાદ પડ્યો.હવામાન વિભાગ મુજબ, કાંગડા, જોત, સુંદરનગર અને પાલમપુરમાં ગાજવીજ સાથે વરસાદ થયો, જ્યારે રિકાંગપિયો અને સેઓબાગમાં તેજ પવન ફૂંકાયો. રાજ્ય કટોકટી સંચાલન કેન્દ્ર અનુસાર, આ ઘટનાને કારણે ૪૯૩ રસ્તાઓ, જેમાં ત્રણ મુખ્ય રાષ્ટ્રીય ધોરીમાર્ગોનો સમાવેશ થાય છે, વાહનવ્યવહાર માટે બંધ રહ્યા. આ ઉપરાંત, ૩૫૨ વીજળી ટ્રાન્સફોર્મર અને ૧૬૩ જળ-પુરવઠા યોજનાઓ પણ ખોરવાઈ ગઈ છે.રાજ્યમાં ૨૦ જૂનથી ચોમાસાની શરૂઆત થઈ ત્યારથી અત્યાર સુધીમાં વરસાદ સંબંધિત ઘટનાઓ અને માર્ગ અકસ્માતોને કારણે કુલ ૪૦૯ લોકોનાં મોત થયા છે અને ૪૧ લોકો ગુમ છે. આ સમયગાળા દરમિયાન, રાજ્યને ૪,૫૦૪ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. આ સિઝનમાં ૧ જૂનથી ૧૫ સપ્ટેમ્બર સુધીમાં, હિમાચલ પ્રદેશમાં ૯૯૧.૧ મિમી સરેરાશ વરસાદ નોંધાયો, જે સામાન્ય કરતાં ૪૪% વધુ છે. ચોમાસું ૨૦ થી ૨૫ સપ્ટેમ્બરની વચ્ચે રાજ્યમાંથી વિદાય લેવાની શક્યતા છે.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનું, સોનું-મિની, ગોલ્ડ-ટેન, ગોલ્ડ-પેટલ, ચાંદી, ચાંદી-મિની અને ચાંદી-માઈક્રો વાયદા ઓલ ટાઈમ હાઈને સ્પર્શ્યા

### ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૪નો સુધારોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૮૧૦૧.૭૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૪૦૧૬૧.૮૬ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૫૦૩૫.૧૯ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૫૯૯૭ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૫૮૨૬૪.૭૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૮૧૦૧.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૪૦૧૬૧.૮૬ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૫૯૯૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૩૮૭.૭૮ કરોડનું થયું હતું.

અત્રે એ ઉલ્લેખનીય છે કે કીમતી ધાતુઓમાં સોનાના વાયદામાં રૂ.૧,૧૦,૬૪૪, સોનું-મિની વાયદામાં રૂ.૧,૧૦,૫૫૦, ગોલ્ડ-પેટલના વાયદામાં રૂ.૧૧,૧૨૪, ગોલ્ડ-ટેન વાયદામાં રૂ.૧,૧૦,૮૭૦, ચાંદીના વાયદામાં રૂ.૧,૩૦,૨૬૦, ચાંદી-મિની વાયદામાં રૂ.૧,૩૦,૧૨૫ અને ચાંદી-માઈક્રો વાયદામાં રૂ.૧,૩૦,૧૫૦ના ઓલ ટાઈમ હાઈ ભાવ જોવા મળ્યા હતા.

સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૫૦૩૫.૧૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૦૨૭૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૦૬૪૪ અને નીચામાં રૂ.૧૧૦૦૭૦ના મથાળે અથડાઈ, રૂ.૧૧૦૧૭૯ના આગલા બંધ સામે રૂ.૪૦૫ વધી રૂ.૧૧૦૫૮૪ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ગિની સપ્ટેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૪૬ વધી રૂ.૮૮૬૪૫ થયો હતો. ગોલ્ડ-પેટલ સપ્ટેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૬૮ વધી રૂ.૧૧૧૨૨ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૫ વધી રૂ.૧૧૦૫૦૦ થયો હતો. ગોલ્ડ-ટેન સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૦૦૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૦૮૦૦ અને નીચામાં રૂ.૧૧૦૦૦૧ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૦૨૬૪ના આગલા બંધ સામે રૂ.૫૩૬ વધી રૂ.૧૧૦૮૦૦ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૨૯૩૩૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૦૨૬૦ અને નીચામાં રૂ.૧૨૯૨૧૪ના મથાળે અથડાઈ, રૂ.૧૨૯૪૨૯ના આગલા બંધ સામે રૂ.૭૨૩ વધી રૂ.૧૩૦૧૫૨ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૭૩૩ વધી રૂ.૧૩૦૦૦૪ થયો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૭૪૮ વધી રૂ.૧૩૦૦૧૩ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૭૧૦.૫૬ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી સપ્ટેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૮૪૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૮૮૦ અને નીચામાં રૂ.૩૮૨૬ના મથાળે અથડાઈ, રૂ.૨૦ વધી રૂ.૩૮૬૭ થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૫૮૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૧૮ અને નીચામાં રૂ.૫૫૪૩ના સ્તરને સ્પર્શી, રૂ.૫૫૮૭ના આગલા બંધ સામે રૂ.૨૪ વધી રૂ.૫૬૧૧ થયો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૨૩ વધી રૂ.૫૬૦૯ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ સપ્ટેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૬ વધી રૂ.૨૭૧.૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૫.૯ વધી રૂ.૨૭૧.૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૦૦૨.૯ના ભાવે ખૂલી, રૂ.૧ ઘટી રૂ.૧૦૦૪.૨ના સ્તરે પહોંચ્યો હતો. એલચી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૫૭૦ના ભાવે ખૂલી, રૂ.૬ વધી રૂ.૨૬૦૦ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૭૭૨.૨૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૫૨૬૨.૯૫ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૯૬૬.૦૯ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૫.૭૫ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૩૩.૫૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૦.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૭.૩૫ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૯૧.૨૭ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૦૧.૯૩ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧૩.૯૭ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૧.૬૧ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૨૨૦૭૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૫૭૧૬ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૭૧૫૨ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૩૫૫૮૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૩૯૭૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૯૪૪૯ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૫૧૫૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૪૯૫૧૧ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૪૧૦ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૯૭૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૬૪૮૯ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ સપ્ટેમ્બર વાયદો ૨૫૮૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૬૦૮૪ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૫૭૯૩ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૧૨ પોઈન્ટ વધી ૨૫૯૯૭ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૯.૯ વધી રૂ.૬૧.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૬ વધી રૂ.૯.૫ના ભાવે બોલાયો હતો.

સોનું સપ્ટેમ્બર રૂ.૧૧૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯ વધી રૂ.૫૩૬ થયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૫૩.૫ વધી રૂ.૨૨૯૩ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૮૧ પૈસા ઘટી રૂ.૭.૨૩ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૮૨.૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૩ પૈસા ઘટી રૂ.૨.૪૪ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૯.૭ ઘટી રૂ.૧૪.૪ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ સપ્ટેમ્બર રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૯૫ ઘટી રૂ.૮.૨ થયો હતો. સોનું સપ્ટેમ્બર રૂ.૧૦૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૩.૫ ઘટી રૂ.૪૬૨ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી સપ્ટેમ્બર રૂ.૧૨૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૦૧.૫ ઘટી રૂ.૧૨૪૦ થયો હતો. તાંબું સપ્ટેમ્બર રૂ.૯૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૪ પૈસા વધી રૂ.૩.૭ના ભાવે બોલાયો હતો. જસત સપ્ટેમ્બર રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩૬ પૈસા ઘટી રૂ.૧.૨ થયો હતો.

# પાટીલ માનીતા બે મંત્રીઓને સાચવવા મંત્રીમંડળનુ વિસ્તરણ થવા દેતા નથી? પ્રદેશ પ્રમુખ બનવા માટે મોટી ફોજ હોવા છતાં પાટીલ પ્રમુખનો હોદ્દો કેમ છોડતા નથી?

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હવે ભાજપમાં ભાગલાવાદના સંકેતો જોવા મળી રહ્યા છે. છેલ્લા કેટલાય સમયથી ધારાસભ્યોને મંત્રીમંડળની લોલીપોપ આપવામાં આવી રહી છે. ચુંટણીઓ ટાંણે જીતવા માટે માત્ર ને માત્ર મંત્રી મંડળ વિસ્તરણની લોલીપોપ આપ્યા બાદ છેવટે બેઠક જીત્યા બાદ મંત્રી મંડળ વિસ્તરણની વાતોને અભડાઈએ ચડાવી દેવામાં આવે છે.

ભાજપમાં હવે જુથવાદ ટોચ ઉપર આવી ગયો છે, હાલમાં સૌરાષ્ટ્રમાં ભાજપનો જુથવાદ વકરી રહ્યો છે, સરકારમાં સત્તાધારી પક્ષ ધારાસભ્યોના કામો થતા નથી. પાટીલનુ વિરોધી જુથ હવે ધીરે ધીરે સક્રિય થવા જઈ રહ્યુ હોય તેવુ લાગી રહ્યુ છે. કારણ કે હમણાં નજીકના સમયગાળામાં ઉત્તર ગુજરાતના ભાજપના ૪ ધારાસભ્યોએ કેજરીવાલ સાથે બંધ બારણે બેઠક યોજી હતી, આ બેઠક ભાજપના ધારાસભ્યો ઔપચારીક કહી રહ્યા હતા, પરંતુ આ બેઠક ભાજપ માટે આગામી સમયમાં મોટો ભુકંપ સર્જી શકે છે, કેટલાક ધારાસભ્યોમાં એવુ પણ ચર્ચાઈ રહ્યુ છે કે પાટીલ પોતાના માનીતા બે મંત્રીઓને સાચવવા મંત્રી મંડળનુ વિસ્તરણ થવા દેતા નથી. પાટીલે પક્ષપલ્ટો કરી આવેલા અર્જુન મોઢવાડીયા અને સી જે ચાવડા સાથે મંત્રી મંડળમાં સમાવવા માટે કમીટમેન્ટ કર્યુ હતું. તો સામે પાટીલે મહેસાણા જિલ્લાના વિસનગરના ધારાસભ્ય અને હાલના આરોગ્ય , કાયદો અને ઉચ્ચ શિક્ષણ વિભાગનો હવાલો સંભાળી રહેલ ઋષીકેશ પટેલ સાથે પણ કમિટમેન્ટ કર્યુ હોવાને કારણે સી જે ચાવડાને લોલીપોપ આપવામાં આવી રહ્યુ હોવાનુ પણ ચર્ચાઈ રહ્યુ છે. ૨૦૨૨ માં ભુપેન્દ્ર પટેલની સરકારનુ મંત્રી મંડળનુ વિસ્તરણ થયુ તે ટાંણે પાટીલ દ્વારા માનીતા બે મંત્રીઓ સાથે સેટીંગ કર્યુ હોવાનુ પણ ચર્ચાઈ રહ્યુ છે.

પ્રદેશ પ્રમુખ બનવા માટે ભાજપમાં મોટી ફોજ ઉભી છે તો બીજી તરફ પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલને પદ છોડવુ નથી કે પછી પાર્ટી હાઈકમાન્ડ પ્રદેશ પ્રમુખ તરીકે નવી નિમણુંક આપતી નથી તે એક મોટો સવાલ ભાજપમાં કાર્યકરોમાં ઉઠી રહ્યો છે. જે હોય તે પરંતુ જયાં સુધી પાટીલ ગુજરાતમાં પ્રદેશ પ્રમુખ હશે ત્યાં સુધી મંત્રી મંડળનુ વિસ્તરણ નહી થવા દે તેવુ ભાજપના કાર્યકરોમાં ચર્ચાઈ રહ્યુ છે.

## સાબરકાંઠા-અરવલ્લી શ્રીમાળી સોની સમાજનુ ગૌરવ

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર નગરપાલિકામાં વરસોથી સ્ટ્રીટ લાઈટ વિભાગમાં સેવા આપનાર તેમજ હાલમાં વય નિવૃત્ત થયેલ હિતેશકુમાર સોમાલાલ સોનીના પુત્ર દેવાંશકુમારે જિલ્લાના હિંમતનગર ખાતે સાબર સ્ટેડીયમમાં યોજાયેલ સ્કુલ કરાટે ચેમ્પિયન શીપ ૨૦૨૫ ના કાર્યક્રમમાં સ્કુલ કરાટે ચેમ્પિયનમાં ૮ થી ૧૧ વરસની વય ના બાળકોમાં સ્કુલ કરાટે ચેમ્પિયનશીપમાં પ્રથમ નંબરે આવી સાબરકાંઠા-અરવલ્લી શ્રીમાળી સોની સમાજનુ ગૌરવ વધાર્યુ છે. આ સ્કુલ કરાટે ચેમ્પિયનશીપ કાર્યક્રમમાં એસોશીએશનના પ્રમુખ જુજારસિંહ




કે વાઘેલા ના હસ્તે દેવાંશકુમાર હિતેશભાઈ સોની ને ગોલ્ડ મેડલ આપવામાં આવતા સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના શ્રીમાળી સોની સમાજમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે.

### જિલ્લા પંચાયતના નવા બિલ્ડીંગની ટેન્ડરીંગની કામગીરી પુર્ણ થવાના આરે : નવા બિલ્ડીંગના નિર્માણને ૫ વરસનો સમયગાળો લાગશે

# ગાંધીનગર જિલ્લા પંચાયતના જર્જરીત બિલ્ડીંગને રીનોવેશન કરાશે : જિલ્લા પંચાયતના બિલ્ડીંગની જોખમી પેરાફીટને રૂ.૭ લાખ ના ખર્ચે નવી બનાવાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયના પાટનગર ગાંધીનગર જિલ્લા પંચાયતનુ બિલ્ડીંગ જર્જરીત બની ગયુ છે અને જિલ્લા પંચાયતનુ નવુ બિલ્ડીંગ બનતા હજુ ૪ થી ૫ વરસનો સમય લાગે તેમ છે. ત્યારે હાલના જુના બિલ્ડીંગને મરામત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

જિલ્લા પંચાયતના ધાબા ની જર્જરીત બનેલી પેરાફીટમાંથી અવાર નવાર પોપડા પડવાની ઘટના બનતી હતી. જો કે એકપણ વખત કર્મચારીઓને ઈજા થઈ નથી, તેમ છતાં ભવિષ્યમાં કોઈ દુર્ઘટના બને નહી તે માટે જિલ્લા પંચાયતના બાંધકામ શાખા દ્વારા રૂપીયા ૭ લાખના ખર્ચે બિલ્ડીંગના ધાબાની પેરાફીટને તોડીને રીપેરીંગની કામગીરી શરૂ કરવામાં આવી છે. સુત્રોના કહેવા પ્રમાણે ગાંધીનગર જિલ્લા પંચાયતના નવા બિલ્ડીંગની ટેન્ડરીંગ સહિતની કામગીરી પુર્ણ થવાને આરે છે. ત્યારે જિલ્લા પંચાયતના નવા બિલ્ડીંગના નિર્માણની પાછળ ૪ થી ૫ વરસ જેટલો સમય લાગે તેવી શકયતા છે. નવુ બિલ્ડીગ ન બને ત્યાં સુધી હાલના



જુના બિલ્ડીંગને મરામતની જરૂરીયાત ઉભી થઈ છે. જિલ્લા પંચાયતના બિલ્ડીંગની ધાબાની પેરાફીટની હાલત જર્જરીત બની છે. જેનાથી અવાર નવાર પોપડા ઉખડવાની ઘટના બનતી હતી,

જો કે સદનશીબે પોપડા એક પણ જિલ્લા પંચાયતના કર્મચારી કે બિલ્ડીંગમાં રાઉન્ડ ધ કલોક ફરજ બજાવતા સીકયુરીટી જવાન ઉપર પડયાની ઘટના બની નથી, જો કે કર્મચારીઓના પાર્ક કરેલા વાહનો ઉપર પોપડા પડયાને ઘટના બની હતી. ત્યારે જિલ્લા પંચાયતના બિલ્ડીંગની ઢાબાની પેરાફીટના પોપડા કોઈ કર્મચારીની ઉપર પડવાની દુર્ઘટના બને નહી તે માટે જિલ્લા વિકાસ અધિકારી બી જે પટેલ દ્વારા રીપેરીંગ માટે બાંધકામ શાખાના મુખ્ય ઈજનેર તેજસ માંગુકીયાને સુચના આપી હતી. જેને પગલે જિલ્લા પંચાયતની બાંધકામ શાખા દ્વારા જિલ્લા પંચાયતની બિલ્ડીંગના ધાબાની પેરાફીટને તોડીને તેની જગ્યાએ નવી પેરાફીટ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. તેમાં શનિવાર અને રવિવારની રજા હોવાથી બાંધકામ શાખા દ્વારા રૂપીયા ૭ લાખના ખર્ચે પેરાફીટને તોડીને પાડીને નવી પેરાફીટ બનાવવાની કામગીરી શરૂ કરી છે. સુત્રોએ કહ્યુ હતુ કે જિલ્લા પંચાયતના ધાબાની પેરાફીટ બનાવવાની પાછળ અંદાજે પંદરેક દિવસ જેટલો સમય લાગી શકે છે ત્યારે તેની વચ્ચે ચાલુ કચેરી દરમિયાન કર્મચારીઓને ઈજા થવાના કિસ્સા બને નહી તેના માટે તકેદારી રાખવામાં આવી રહી છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

# ૨૦૧૦ અગાઉના શિક્ષકોએ પણ ટેટ પરીક્ષા ફરજીયાત આપવી પડશેઃ સુપ્રિમ કોર્ટના ચુકાદાથી ૨૦ લાખથી વધુ શિક્ષકોના ભવિષ્ય પર સંકટ

પ્રતિનિધિ,ગાંધીનગર

શિક્ષણનો અધિકાર એકટ ૨૦૦૯ અંતર્ગત ૨૦૧૦ થી સેવામાં જોડાયેલા શિક્ષકો માટે ટેટ પરીક્ષા ફરજીયાત કરવામાં આવી હતી. જો કે તાજેતરમાં નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદાથી આ નિયમ તમામ સેવારત શિક્ષકોને લાગુ પડયો છે.

સુરત સહિત દેશભરના શિક્ષક સંગઠનો આ નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે કારણ કે તેમના મતે ૨૦૧૦ અગાઉ જે શિક્ષકો નિયુકત થયા છે તેમના માટે આ પરીક્ષા ફરજીયાત કરવી યોગ્ય નથી, આ નિર્ણયથી તેમની વરસોની સેવા અને ભવિષ્ય પર ગંભીર અનિશ્ચિતતા ઉભી થઈ છે.

અખીલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘ દ્વારા કરવામાં આવેલી અરજીમાં જણાવવામાં આવ્યુ છે કે સુપ્રિમ કોર્ટના આ નિર્ણયના કારણે દેશભરના લગભગ ૨૦ લાખ થી વધુ શિક્ષકોની સેવા-સુરક્ષા અને આજીવીકા જોખમમાં છે. આ શિક્ષકોએ વરસો સુધી શિક્ષણ ક્ષેત્રે યોગદાન આપ્યુ છે અને હવે અચાનક તેમના માટે એક નવી પરીક્ષા પાસ કરવાનુ ફરજીયાત બનાવવુ તેમને મુશ્કેલ પરીસ્થિતિમાં મુકી દે છે. આ નિર્ણયથી શિક્ષકોમાં ગંભીર ચિંતા અને અસુરક્ષાની ભાવના પ્રવર્તિ રહી છે.

આ ગંભીર પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને સુરત શૈક્ષણિક મહાસંઘે વડાપ્રધાનને આવેદનપત્ર સુપ્રત કર્યુ છે.

આ આવેદનનો મુખ્ય હેતુ સરકારને આ મામલામાં હસ્તક્ષેપ કરવા અને યોગ્ય સુધારો કરવાની વિનંતી કરવાનો છે. સંગઠન માને છે કે સરકારે આ નિર્ણયની વિટંબણાને સમજીને ૨૦૧૦ અગાઉના શિક્ષકોને ટેટ પરીક્ષામાંથી મુકિત આપવી જોઈએ. જેથી તેમની સેવા અને સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે. શિક્ષકોના હિતમાં સરકાર આ બાબતે સકારાત્મક પગલા લેશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.



નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# ‘અમૃતકાળ’ના સ્વપ્રદષ્ટાના અમૃતવર્ષ નિમિત્તે ઋણ-સ્વીકાર સાથે વંદન સહ અભિનંદન

“પ્રારબ્ધને અહીંયાં ગાંઠે કોણ?
હું પડકાર ઝીલનારો માણસ છું.
હું તેજ ઉછીનું લઉં નહીં,
હું જાતે બળતું ફાનસ છું”.

આ કાવ્યપંક્તિના રચયિતા છે શ્રી નરેન્દ્ર મોદીજી

નરેન્દ્ર મોદીજી... માત્ર એક નામ નથી, પરંતુ છેવાડાના માનવીના ચહેરા પરના સુખનું સરનામું છે. શાળા પ્રવેશોત્સવથી શાળામાં પ્રવેશ પામનાર વિદ્યાર્થી સુયોગ્ય શિક્ષણ પ્રાપ્ત કરી મેડિકલ ક્ષેત્રે પ્રવેશ મેળવે, ત્યારે તેના આત્મવિશ્વાસનો આધાર છે. આયુષ્માન ભારત યોજનાથી વગર કોઈ ખર્ચે શ્રેષ્ઠ સારવાર પ્રાપ્ત કરનારા વ્યક્તિના ભાવાશ્રુનું કારણ છે મોદીજી.

પોતે સંઘર્ષ વેઠીને અને પડકારો ઝીલીને પણ રાષ્ટ્રના જન-જનના જીવનને સમૃદ્ધ કરનારા અને વિકસિત ભારત ૨૦૪૭ માટેનો સંકલ્પ લઈને ચાલતા આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના વ્યક્તિગત જીવનનું ૭૫મું વર્ષ એ રાજ્ય, રાષ્ટ્ર અને વિશ્વ માટે એક અમૃતમય બાબત ગણી શકાય.

ચીન અને પાકિસ્તાન સાથેના યુદ્ધ વખતે મહેસાણા રેલવે સ્ટેશન પર આવતા-જતા સેનાના જવાનોની સેવાના અભિયાનમાં સક્રિય ભાગીદારી નોંધાવનારા બાળ નરેન્દ્રથી લઈને વડાપ્રધાન તરીકે જીવનની પ્રત્યેક ક્ષણ રાષ્ટ્ર માટે સમર્પિત કરનાર નરેન્દ્રભાઈની આ રાષ્ટ્રસેવા જ સાચા અર્થમાં તેઓનું વ્યક્તિગત જીવન છે.

મોદીજી માટે અને મોદીજી વિશે લખવું એ સૂરજ સામે દીવો ધરવા જેવું છે. પરંતુ તેમના ૭૫માં જન્મ દિવસે તમામ ગુજરાતીઓ વતી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને ‘આભાર મોદીજી’ કહેવાની તક મળી છે.

આ વર્ષે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ **(RSS)**ની સ્થાપનાનાં ૧૦૦ વર્ષ ઉજવી રહ્યું છે, ત્યારે ઈ.સ. ૧૯૭૨માં ગુજરાત પ્રાંત પ્રચારક શ્રી લક્ષ્મણરાવ ઈનામદાર (વકીલ સાહેબ)ના અપાર સ્નેહ અને માર્ગદર્શન થકી સંઘના પ્રચારક થકી રાષ્ટ્ર નિર્માણની દિશામાં મોદીજીએ એક સુવર્ણ અધ્યાય લખવાની જે શરૂઆત કરી હતી તેનું સ્મરણ થાય છે. સંઘની રાષ્ટ્રભાવના, શિસ્ત, ત્યાગ, બલિદાન અને સમર્પિતતાના ભાવને જીવનમંત્ર બનાવી માનવતાવાદ અને રાષ્ટ્રવાદની ભાવનાને જન-જન સુધી લઈ જવા માટે સંકલ્પિત થનાર મોદી સાહેબે આ વર્ષના સ્વાતંત્ર્ય દિને લાલ કિલ્લાની પ્રાચીર પરથી સંઘ માટે જે ઉદગાર વ્યક્ત કર્યા તે સંઘ માટેનો તેમનો અહોભાવ દર્શાવે છે.

ભાજપમાં ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રીની જવાબદારીથી લઈને આજે ભાજપને વિશ્વના સૌથી મોટા પક્ષ સુધી પહોંચાડવાના આ મહાયજ્ઞમાં મોદી સાહેબે પણ પોતાના સમય અને શક્તિની આહુતિ આપવાનું કાર્ય કર્યું છે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદી

જ્યારે મોદીજીએ ગુજરાતમાં શાસનધૂરા સંભાળી ત્યારે કચ્છમાં આવેલા ભૂકંપ, વાવાઝોડા, પ્રજાનો શાસન વ્યવસ્થામાં અવિશ્વાસ, નિરાશાનું વાતાવરણ, અસંતુલિત અર્થવ્યવસ્થા જેવી બાબતોથી ગુજરાત ઘેરાયેલું હતું અને સબળ તથા સક્ષમ નેતૃત્વની લોકોને અપેક્ષા અને આશા હતી.

૭મી ઓક્ટોબર ૨૦૦૧ના રોજ ગુજરાતને એક એવું નેતૃત્વ મળ્યું જેણે ટેક્કર રાજ, માફિયા રાજ, કર્ફ્યુ રાજ જેવા બધા ‘નકારાત્મક રાજ’ને વિદાય આપી અને સાચા અર્થમાં ‘વિકાસરાજ’ને પ્રસ્થાપિત કર્યું.

આ એક સંયોગ જ કહી શકાય કે મોદીજીએ વર્ષ ૨૦૦૧માં ગુજરાતનું નેતૃત્વ સંભાળ્યું એ વર્ષ ૨૧મી સદીનું પ્રથમ વર્ષ હતું. ક્યાં એ ૨૧મી સદીના પ્રથમ વર્ષમાં વિવિધ સમસ્યાઓથી ઘેરાયેલું ગુજરાત અને ક્યાં આજના વિકસિત ગુજરાતથી વિકસિત ભારતનો સંકલ્પ અને તે સાકાર કરવા માટેનો ગુજરાતનો પ્રયત્ન. આ જ તો છે નરેન્દ્ર મોદીજીનો ગુજરાત માટેનો કર્મયોગ!

ગુજરાત બન્યું ગ્રોથ એન્જિન

વર્ષ ૨૦૦૧ થી વર્ષ ૨૦૧૪ સુધીનો સમયગાળો ગુજરાત માટે અનોખો રહ્યો. વિકાસનાં ઉચ્ચત્તમ ધોરણો પ્રસ્થાપિત કરવાની શરૂઆત મોદીજી એ પંચશક્તિ (જળ, જન, રક્ષા, ઊર્જા અને જ્ઞાન)ના સફળ આયોજન થકી કરી. જેના કારણે પ્રજાને સ્પર્શતા અગત્યના ક્ષેત્રોમાં આમૂલ પરિવર્તન આવ્યું.

જો નિયત સાફ હશે તો પ્રજાનો સાથ હંમેશા મળી રહેશે. સક્રિય રાજનીતિના આ ૨૪ વર્ષ અને એકપણ કાળી ટીલી નહીં. આઝાદ ભારતના રાજકીય ઈતિહાસમાં આવું વ્યક્તિત્વ અને આવી લોકપ્રિયતા ભાગ્યે જ અન્ય કોઈ નેતાએ પ્રાપ્ત કરી હશે અને તેની પશ્ચાદભૂમાં છે, અથાક પ્રયત્ન, કઠોર પરિશ્રમ, અદના માનવીનું કલ્યાણ કરવાની વૃત્તિ, ટેકનોલોજીનો પારદર્શિતા સાથે મહત્તમ ઉપયોગ અને નાવિન્યપૂર્ણ બાબતોને અપનાવવાની માનસિકતા.

Innovativeness... લોકોથી, લોકો માટે લોકો દ્વારા...

મોદી સાહેબે ‘Government’ અને ‘Governance’ની અંદર ‘Innovative Approach’નું ‘Culture’ સ્થાપિત કર્યું. જેણે શાસન વ્યવસ્થામાં પ્રાણ પૂર્યા.

‘સ્વાગત’ ઓનલાઈન, ચિંતન શિબિર અને ગરીબ કલ્યાણ મેળા જેવી લોકાભિમુખ વ્યવસ્થાઓ સાચા અર્થમાં ઊભી કરી.

એટલું જ નહિ, જેમના માટે કલ્યાણ યોજનાઓ બની હોય તેવા તે જરૂરતમંદ લાભાર્થીઓને ૧૦૦ ટકા લાભ પહોંચાડીને સેચ્યુરેશન એપ્રોચની પ્રેરણા આપી.

નરેન્દ્રભાઈએ ગુજરાતમાં ઉર્જા ક્રાંતિથી અંધારા ઉલેચ્યા

મોદીજીએ જ્યારે ગુજરાતમાં સેવા દાયિત્વ સંભાળ્યું ત્યારે અપુરતી વીજળી, સિંચાઈ માટે પાણીની વ્યવસ્થાઓનો અભાવ અને મર્યાદિત આંતરમાળખાકિય સુવિધાઓનો પડકાર હતો.

શ્રી નરેન્દ્રભાઈએ જ્યોતિગ્રામ યોજનાથી ૨૪ x ૭ વીજળી છેક ગામડાઓ સુધી પહોંચાડી.

સૌર ઊર્જાના મહત્તમ ઉત્પાદન માટે કચ્છમાં રિન્યુએબલ એનર્જી પાર્ક અને ગ્રીન ગ્રોથને વેગ આપ્યો એટલું જ નહિ, પર્યાવરણના પડકારોને પહોંચી વળવા દેશ ભરમાં પહેલીવાર ક્લાયમેટ ચેન્જ વિભાગ પણ તેમણે કાર્યરત કરાવ્યો.

ગુજરાતમાં વાવ્યાં કૃષિક્રાંતિના બીજ

મોદીજીએ ગુજરાતના કૃષિ વિકાસ દરને ડબલ ડિજિટ પર પહોંચાડ્યો. ‘સુજલામ સુફલામ’ અને ‘સૌની’ યોજના અને રાજ્યવ્યાપી વિરાટ કેનાલ નેટવર્ક તૈયાર કરીને મા નર્મદાના નીર ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી પહોંચાડ્યા.

‘કૃષિ મહોત્સવ’ની પહેલ તો સમગ્ર દેશ માટે અનુસરણીય બની રહી. “લેબ ટુ લેન્ડ”ના સૂત્ર સાથે કૃષિ વૈજ્ઞાનિકોના જ્ઞાનનો સીધો લાભ ખેડૂતોને મળવા લાગ્યો. સાથે જ, સોઈલ હેલ્થ કાર્ડ થકી ખેડૂતો પોતાની જમીનની પ્રકૃતિ અને ગુણવત્તાના આધારે ખેતી કરતા થયા. આ બધાનું પરિણામ એ આવ્યું કે એક સમયે ગુજરાતના અનેક ખેડૂતો, જે માત્ર વરસાદ પર આધારિત રહેતા, તે વર્ષમાં ત્રણ-ત્રણ પાક લેતા થયાં.

આજે તો સમગ્ર દેશમાં કિસાન સન્માન નિધિ યોજનાથી ખેડૂતોના ખાતામાં પ્રતિવર્ષ રૂા. ૬૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવે છે. સાથે જ, લઘુત્તમ ટેકાના ભાવમાં માતબર વધારો કરીને મોદીજીએ ખેડૂતોની આર્થિક સમૃદ્ધિના દ્વાર ખોલી દીધા છે.

યુવા બન્યા ‘નૂતન ગુજરાત – નૂતન ભારત’ના ઘડવૈયા

મોદીજીએ યુવાનોમાં પડેલી નૈસર્ગિક ક્ષમતાઓને વિકસાવીને તેમના સર્વાંગીણ વિકાસ પર ભાર મૂક્યો. તેમના નેતૃત્વમાં ગુજરાતમાં એક બાજુ સેક્ટર-સ્પેસિફિક યુનિવર્સિટીઝનું નિર્માણ શરૂ થયું, તો બીજી બાજુ, રોજગાર મેળાઓ શરૂ કરીને સરકાર ઉદ્યોગગૃહો અને યુવાનો વચ્ચેનો સેતુ બની.

આજે તો ભારતના યુવાનોને “જોબ સીકર” નહીં, પરંતુ “જોબ ગીવર” બનાવવાના લક્ષ્ય સાથે મોદીજીએ સમગ્ર દેશમાં ‘સ્ટાર્ટઅપ ઈન્ડિયા’ના માધ્યમથી યુવાનોને ઈનોવેશન આધારિત સ્ટાર્ટઅપ્સ શરૂ કરવા તમામ પ્રકારની મદદ પૂરી પાડી છે. ગુજરાત પણ આઈ-ક્રિએટથી લઈને આઈ-હબ જેવી સંસ્થાનોના માધ્યમથી સ્ટાર્ટઅપ રેંકિંગમાં મોખરે રહ્યું છે.

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમણે ‘ખેલ મહાકુંભ’નો પ્રારંભ કરાવીને ગુજરાતમાં સ્પોર્ટ્સની ઈકો-સિસ્ટમ વિકસાવી, અને આજે, ‘ખેલો ઈન્ડિયા’ પહેલના કારણે ભારતના અનેક પ્રતિભાશાળી રમતવીરો આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં દેશને મેડલ્સ અપાવીને ભારતનું ગૌરવ વધારી રહ્યા છે. અમૃતકાળની આ અમૃતપેઢી માટે મોદીજીએ આસમાન આંબવાના અવસરો પૂરા પાડ્યા છે.

નારીશક્તિનું સાચા અર્થમાં સન્માનઃ

મોદીજી જ્યારે ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે મહિલાઓ માટે અલાયદો વિભાગ સરકારમાં શરૂ કર્યો. ચિરંજીવી યોજના, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે ૫૦ ટકા અનામત, મહિલા ઔદ્યોગિક પાર્કની સ્થાપના જેવી પહેલથી ‘નારીશક્તિ’ને સાચા અર્થમાં શક્તિ તરીકે પ્રસ્થાપિત કરી.

એ માતૃશક્તિના અપાર આશીર્વાદથી શ્રી નરેન્દ્રભાઈ સતત ત્રીજી વાર વડાપ્રધાન તરીકે જન-જનના વિશ્વાસનું પ્રતીક બન્યા છે.

આમ, તેમણે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ ‘GYAN’થી ગુજરાતના સર્વાંગી વિકાસનો સંગીન પાયો નાખ્યો છે.





પ્રવાસન ક્ષેત્રને મળી નવી ઊંચાઈઓઃ

મોદીજીના શાસનકાળ પહેલા ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર સુયોગ્ય સ્થિતિમાં ન હતું, પરંતુ આજે કચ્છનું ધોરડો અને રણોત્સવ વૈશ્વિક ફલક પર બિરાજમાન છે. ધોરડોને બેસ્ટ ટુરિઝમ વિલેજનો એવોર્ડ પણ મળ્યો છે.

કચ્છમાં ભૂકંપ પછીના ઝડપી પુનર્વસનની સ્મૃતિમાં નિર્માણ થયેલું સ્મૃતિવન પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

આ ઉપરાંત સાસણ ગીર, સાપુતારા, ધરોઈ, ધોળાવીરા જેવાં સ્થળો આજે પ્રવાસન ક્ષેત્રે નવી ઊંચાઈઓ હાંસલ કરી રહ્યા છે. સરદાર વલ્લભભાઈ પટેલની મહાનતા અને એમના કર્તૃત્વની ઓળખ સમગ્ર વિશ્વને થાય તે માટે નર્મદા જિલ્લાના એક્તા નગર ખાતે બનાવેલ ‘સ્ટેચ્યુ ઑફ યુનિટી’ પર્યટનનો પર્યાય બન્યું છે. આજે ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર ઊર્જાવાન બન્યું છે, તેના મૂળમાં નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદષ્ટિ કારણભૂત છે.

‘વિકાસ પણ, વિરાસત પણ’ મંત્રને સાકાર કરતું ગુજરાતઃ

વાઈબ્રન્ટ નવરાત્રિ, વર્લ્ડ હેરિટેજ સિટીમાં અમદાવાદનો સમાવેશ, સોમનાથ મંદિરની કાયાકલ્પ, અંબાજી, પાવાગઢ જેવા ધાર્મિક સ્થળો ખાતે શ્રેષ્ઠ માળખાગત સુવિધાઓ વગેરે મોદીજીના ‘વિકાસ પણ, વિરાસત પણ’ના મંત્રનો ઉદઘોષ અને વાસ્તવિક અમલીકરણ પણ છે.

વાઈબ્રન્ટ ઔદ્યોગિક ક્ષેત્ર, એક આગવું પ્રદાનઃ

વાઈબ્રન્ટ શબ્દ જાણે ગુજરાત માટે જ બન્યો હોય એવી પ્રતીતિ થાય છે. વાઈબ્રન્ટ સમિટ થકી ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રમાં લાખ્ખો લોકોને રોજગારી મળી અને શ્રેષ્ઠ માળખાગત સુવિધાઓ ઊભી થઈ. ગિફ્ટ સિટી, ધોલેરા, એસ.આઈ.આર., ચાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ જેવી પહેલો થકી ગુજરાત આજે ઉદ્યોગ જગત માટે પસંદગીનું રાજ્ય બન્યું છે.

મોદી સાહેબે અવિરત વિકાસની દિશા ખોલી આપતી અનેક વિકાસ ભેટ ગુજરાતને આપી છે.

વડાપ્રધાન તરીકેનો કાર્ય સંભાળ્યા બાદ ૧૭ જ દિવસમાં સરદાર સરોવર ડેમ પર દરવાજા લગાવવાની મંજૂરી આપી તથા ગુજરાતની જનતાને બૂલેટ ટ્રેનની ભેટ આપી.

આ ઉપરાંત લોથલ ખાતે નિર્માણાધિન નેશનલ મેરિટાઈમ હેરિટેજ કોમ્પ્લેક્સ, અમદાવાદ ખાતે તૈયાર થયેલ અને તાજેતરમાં જ લોકાર્પિત થયેલ વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને રક્ષા શક્તિ યુનિવર્સિટીને રાષ્ટ્રીય દરજ્જો, રાજકોટને મળેલ હિરાસર એરપોર્ટ, લાઈટ હાઉસ પ્રોજેક્ટ અને એઈમ્સ જેવી સુવિધાઓ માટે, કચ્છ ખાતે વિશ્વના સૌથી મોટા હાઈબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક, વડોદરા ખાતે સી-૨૯૫ એરક્રાફ્ટના ઉત્પાદનની સુવિધા, મેટ્રો ટ્રેન, ભારતના સૌથી લાંબા કેબલ સ્ટેડ બ્રિજ એવા સુદર્શન સેતુ, નવસારી ખાતેના પી.એમ. મિત્ર પાર્ક અને ભાવનગર ખાતેના વિશ્વના સૌ પ્રથમ સી.એન.જી. ટર્મિનલ પોર્ટ વગેરે માટે ગુજરાતની જનતા મોદીસાહેબની આભારી છે.

મોદી સાહેબના ૭૫મા વર્ષે...

મોદીજી એ વાતનું જીવંત ઉદાહરણ છે કે, જો સ્વયંમાં વિશ્વાસ અને જનતા જનાર્દનનો પ્રેમ સાથે હોય તો કલ્પનાતિત પરિણામો હાંસલ કરી શકાય છે. આજે ભારતના લોકો મોદીજીને એક નેતા તરીકે નહીં પરંતુ વિકસિત ભારતના ઘડવૈયા તરીકે જોઈ રહ્યા છે. તેમના ૭૫મા જન્મદિવસ અવસરે મોદી સાહેબને આપણે એટલું અવશ્ય કહી શકીએ કે, આપે કંડારેલા વિકાસના રાજમાર્ગ પર ગુજરાત અવિરતપણે આગળ વધતું રહેશે અને વિકાસના અસીમ અજવાળા જગમાં પાથરતું રહેશે. મોદીજીના જ શબ્દોમાં કહીએ તો..

અમે અજવાળા પાથરશું,
જગમાં અજવાળા પાથરશું
એકતા, સમતા, મમતાને
અમે જતન કરી જાળવશું
અમે અજવાળા પાથરશું

લેખક ગુજરાત રાજયના મુખ્યમંત્રી છે.






સ્વભાવ સ્વચ્છતા - સંસ્કાર સ્વચ્છતા

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

17મી સપ્ટેમ્બરથી

# સ્વચ્છોત્સવ અને સ્વસ્થ નારી, સશક્ત પરિવાર

અભિયાનનો રાજ્યવ્યાપી શુભારંભ



## સ્વચ્છોત્સવ 2025

**17 સપ્ટેમ્બરથી 31મી ઓક્ટોબર** સુધી રાજ્યવ્યાપી સફાઇ અભિયાન

**ધાર્મિક** અને **પ્રવાસન સ્થળોની સફાઇ**

શહેરના તમામ **બાગ-બગીચાઓ, ફૂટપાથ અને ધોરીમાર્ગોની સફાઇ**

તમામ **રહેણાંક, વાણિજ્ય અને સ્લમ વિસ્તારોની સફાઇ**

શહેરના તમામ **જી.વી.પી. (ગાર્બેજ વલ્નરેબલ પોઇન્ટ્સ)** અને **સી.ટી.યુ. (ક્લિનલિનેસ ટાર્ગેટ યુનિટ)**ની સફાઇ

**સફાઇમિત્ર સુરક્ષા શિબિરનું** આયોજન

ભાગીદારી થકી **સ્વચ્છતાને પ્રોત્સાહન**



## સ્વસ્થ નારી, સશક્ત પરિવાર

**ગુજરાતમાં તા. 17 સપ્ટેમ્બર થી 02 ઓક્ટોબર 2025 સુધી** સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન ઉજવાશે

**17 સપ્ટેમ્બર થી 16 ઓક્ટોબર સુધી** 8મા પોષણ માહની ઉજવણી

**સહી પોષણ, દેશ રોશનના** મંત્ર સાથે રાજ્યવ્યાપી કાર્યક્રમ

17 સપ્ટેમ્બરે **અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત 600 સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું** પણ આયોજન

**માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી** મધ્યપ્રદેશથી કરાવશે સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ

**મહિલાઓના સ્વાસ્થ્ય અને પોષણ** આધારિત કાર્યક્રમોનું રાજ્યવ્યાપી આયોજન

જે પૈકી **10,849 સ્પેશિયાલિસ્ટ કેમ્પ** અને **1,30,188 સ્ક્રીનિંગ કેમ્પ** દ્વારા નાગરિકોને નિ:શુલ્ક આરોગ્ય સેવાઓનો લાભ અપાશે

રાજ્યમાં અંદાજે કુલ **1.41 લાખ કરતાં વધુ** હેલ્થ કેમ્પનું આયોજન

## સ્વચ્છતા અને નારી સશક્તિકરણ તરફ
### ગુજરાતની મક્કમ ગતિ

